Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

## નૂતન વર્ષાભિનંદન

( અહા કેવું ભાગ્ય જાગ્યું શ્રી વીરના ચરણો મળ્યા—એ રાગ )

આ વર્ષમાં શાન્તિ પ્રભુ, શાન્તિ અમોને આપજો
છો કષ્ટના હરનાર સ્વામી, કષ્ટ સઘળા કાપજો આ વર્ષમાં૦ ૧
હે જ્ઞાન સાગર જ્ઞાનના, બિંદુ તમે વરસાવજો
કરુણાતણા ભંડાર કરુણા અમ પરે દરશાવજો. આ વર્ષમાં૦ ૨
મંગળ તણા દ્વારો પ્રભુ આ વર્ષમાં ઉઘાડજો,
સહુ ભાગ્યને સમકિતના સાધન પ્રભુ દેખાડજો આ વર્ષમાં૦ ૩
નષ્ટ કરીને ભિન્નતાને ઐકયતા અર્પાવજો,
તુજ મુખ રૂપી ચંદ્રથી શાંતિ ! સુધા વરસાવજો. આ વર્ષમાં૦ ૪
મોહ મમતાથી હવે હે નાથ ! મુકિત કરાવજો
ઉન્માર્ગથી કરી દૂરને સન્માર્ગમાં પ્રસરાવજો, આ વર્ષમાં૦ ૫
શ્રી જૈન ધર્મ પ્રકાશનો જયજય ધ્વનિ વિસ્તારજો.
આ વર્ષ છપ્પન પૂર્ણ થાતાં પૂર્ણ હર્ષ પ્રસારજો. આ વર્ષમાં૦ ૬
શ્રી વૃદ્ધિચંદ્ર ગુરૂતણો ઉપકાર નવ ભુલાવજો,
હે શ્યામ ! તુજ વચનામૃતોમાં સર્વને ભુલાવજો. આ વર્ષમાં ૭

**રચયીતા : સ્વ. માસ્તર સામજીભાઈ હેમચંદ દેશાઈ**

વીર સંવત ૨૫૦૧ વિક્રમ સંવત ૨૦૩૧
પુસ્તક ૯૧ મું 卐 અંક ૧૨ મો 卐 ૭ મી નવેમ્બર ૧૯૭૫
આસો
—: પ્રગટ કર્તા :—
શ્રી જૈન ધર્મ પ્રસારક સભા :: ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શ્રી જૈન ધર્મ પ્રકાશ :: વર્ષ ૯૧ મું :: વાર્ષિક લવાજમઃ પોસ્ટેજ સહિત ૬-૫૦

# अनुक्रमणिका


| ક્રમ | લેખ | લેખક | પા નં. |
| --- | --- | --- | --- |
| ૧. | ધર્મોપદેશ (ઉપજાતિ વૃત્તમ) | ....સ્વ. મા. શામજીભાઈ હે. દેશાઈ | ૩ |
| ૨. | શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ | ....લેખક : શરણાર્થી | ૪ |
| ૩. | શ્રી જૈન રામાયણ | ....શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી | ૫ |
| ૪. | ધર્મદત્ત અને સુરૂપાની કથા | ....શ્રી ધમ્મિલકુમાર ચરિત્ર ભાષાંતરમાંથી | ૭ |
| ૫. | મોતીની માળા | ....રતીલાલ માણેકચંદ શાહ | ૮ |
| ૬. | જ્ઞાની પાપી | ....અશોકચંદ્રસૂરી મહારાજ | ૯ |
| ૭ | સર્વોદયની ચાવી | ....લે. આચાર્ય અશોકચંદ્ર સૂ. મ. | ૧૦ |
| ૮. | અહિંસા કે અણુબોમ્બ | ....લે. અશોકચંદ્ર સૂરીશ્વરજી મ૦ | ૧૧ |
| ૯. | શ્રમણ ભગવાન મહાવીર | ....શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મ૦ | ૧૨ |
| ૧૦. | ભગવાન મહાવીરના અંતિમ દેશનામાંથી | ....રતીલાલ માણેકચંદ શાહ | ૧૩ |
| ૧૧. | ચૌમાસી વ્યાખ્યાન | ....મુની ચરણવિજયજી | ૧૪ |
| ૨૨. | વિશ્વ માન્ય ધર્મ | ....શાહ ચતુર્ભુજ હરજીવનદાસ | ૧૬ |


## લવાજમ મોકલી આપો

શ્રી જૈન ધર્મ પ્રકાશનાં વાર્ષીક સભ્યોને ખાસ જણાવવાનું કે સંવત ૨૦૩૨ના વાર્ષિક લવાજમના રૂા ૬-૫૦ તુરત M. O થી મોકલી આપે જેઓ નહિ મોકલે તેઓનું નામ કમી કરવામાં આવશે

**નોંધઃ**– ખાસ વી. પી. થી અંક મોકલાવવામાં આવશે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૯૨ મું
અંક ૧૨ મો | આસો | વીર સં. ૨૫૦૧
વિક્રમ સં. ૨૦૩૧

## ધર્મોપદેશ (ઉપજાતિ વૃત્તમ)

ત્રિવર્ગ સંસાધન મંતરેણ, પશોરિવાયુ ર્વિફલંનરૂ સ્ય
તત્રાऽપિ ધર્મં પ્રવર વંદતિ, નતં વિના યદ્દ્ભવતાऽર્થ કામૌ

ધર્મ અર્થને કામ ત્રણ એ, જેનાથી ન સધાય છે તે નરનું આયુષ્ય પશુની પેઠે નિષ્ફળ જાય છે તેમાંહે પણ ધર્મ શ્રેષ્ઠ છે એવા શબ્દો જ્ઞાનીના કારણ કે ( લક્ષ્મીને વૈભવ ) ધર્મ વિના નહિ મળવાના. (૨)

રચયીતા : સ્વ. મા. શામજીભાઇ હેમચંદ દેશાઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જય શંખેશ્વરા પાર્શ્વનાથ

( ગયા અંકથી ચાલુ )

લેખક : શરણાર્થી

શ્રી શંખેશ્વરા પાર્શ્વનાથાય સર્વેવકેટિ નયન



નમિ વિનમિને બાર બાર વર્ષ વીતી ગયા અને યક્ષોની શકિત આગળ વિદ્યાધરોની શકિત પાછી હઠી ગઈ. ત્યારે નમિવિનમિ વિદ્યાધરપતિઓ હારી જવાથી વિલખા થઈ ગયા.

"રે આ શું થઈ ગયુ ? આજે આપણું ભાગ્યપરિપૂર્ણ થયું દુનીયાના બળવાનને માટે છે. નિર્બળને માટે નહીજ આજસુધી વિદ્યાધરોનું આશ્રય આપણે ભોગવ્યુ, સ્વતંત્ર પણે ભોગવ્યું પણ આજે ભરતચક્રવર્તીએ આપણી વિદ્યાધરોની સંપત્તિથી જીતી લીધી હવે તો તેની આજ્ઞામાં રહીનેજ જીવવાવું રહ્યું.

"બંધુ ! એથી અધિક બીજુ શું રહ્યુ ?" વિનમીએ કહ્યું.

"બધુ ? વીર માણુસે પરાધિરાનપણે જીવવુ એ પણ મરણ સમાન છે.

આજ સુધી ભરતની પાસે આપને યાચના કરી નથી, તેથી હવે જબરાઇથી તે આપણુને તાબેદાર બનાવે એના કરતા તો યમને આ શરીર દઇ દેવું શ્રેયસ્કર છે", નમિએ નિરૂત્સાહ બનવા છતા કાઇક ગર્વયુક્ત શબ્દોમાં કહ્યું.

"હા ભાઈ ? તો પછી રણમાં જ દેહ પાડવો છીટ છે. સંસારના દરેક ક્ષણીક સુખો અને વિદ્યાધરોનું મોટુ સ્મૃદ્ધિવાળું એશ્વર્ય આપણા દીર્ઘકાળ પર્યંત ભોગવ્યું, જગતમાં એથી બીજુ શું અધિક છે ?" ઠીકજ છે. જન્મવું તે મરવાને માટે જ અને જીવવું તે સ્વતંત્ર માટે બાકી તો સર્વ જન્મે છે અને મરે છે. ભરતે આપણુને નાહક સતાવ્યા છે. દબાવ્યા છે. તો તેને પણ કોઈ દબાવનાર જાગશે તેનો ગર્વ ઉતારશે.

"હા સર્વ શકિતમાન પ્રભુ ! અનંત શકિતમાન ! કહો. (ક્રમશઃ)




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન રામાયણ

(ગયા અંકથી ચાલુ —શ્રી ત્રિષષ્ટિશલાકા પુરૂષ ચરિત્રમાંથી



તો તે પણ સત્વર વિનાશ પામી જશે." દુતે આવીને રાવણને તે પ્રમાણે કહ્યું એટલે રાવણ કોપથી ભયંકર થઈ મોટા ઉત્સાહથી સર્વ સૈન્યની સાથે તૈયાર થઇ ગયો ઇંદ્ર પણ તૈયાર થઇને ઉતાવળે રથનૂપુરનગરમાંથી બહાર નીકળ્યો, કેમકે વીર પુરુષો બીજા વીરના અહંકારને કે આડંબરને સહન કરી શકતા નથી.

પછી સામંતોની સાથે સામંતો, સૈનિકોની સાથે સૈનિકો અને સેનાપતિઓની સાથે સેનાપતિઓ-એમ બંને સૈન્યનું પરસ્પર તુમુલ યુદ્ધ શરૂ થયુ શસ્ત્રોને વર્ષાવતા સૈન્ય વચ્ચે સંવર્ત પુષ્કરાંવર્ત મેઘની જેમ મોટો સંકેત થઇ પડયો. પછી 'આ બિચારા મસાલાના જેવા સૈનિકોએ મારીને શું કરવું ?' એમ કહેતો રાવણ ભુવનાલંકાર નામના ગજેંદ્ર ઉપર ચડી અને પણચ ઉપર ધનુષ્ય ચડાવી ઐરાવણ હસ્તી ઉપર રહેલા ઇંદ્રની સામે આવ્યો. રાવણ અને ઇંદ્રિના હાથીઓ પરસ્પર મુખમાં સુંઢ વીંટાળીને જાણે નાગપાશ રચતા હોય તેમ સામસામા મળ્યા. બને મહાબલવાન ગજેંદ્રો દાંતે દાંતે પરસ્પરને પ્રહાર કરી અરણિ કાષ્ટના મથનની જેમ તેમાંથી અગ્નિના તણખા ઉડાડવા લાગ્યા માહો માંહે દાંતના આઘાતથી વિરહિણી સ્ત્રીના હાથમાંથી નીકળી પડે તેમ સુવર્ણવલયની શ્રેણી તેમાંથી નીકળીને પૃથ્વી પર પડવા લાગી પરસ્પર દાંતના ઘાતથી છેદાઇ ગયેલા શરીરમાંથી. ગંડસ્થળમાંથી મદધારાની જેમ રૂધિરની ધારાઓ ઝરવા લાગી. તે અવસરે રાવણ અને ઇંદ્ર પણ ક્ષણવાર શસ્ત્રોથી, ક્ષણવાર બાણોથી અને ક્ષણવાર મુદ્ગરોથી બીજા બે હાથી હોય તેમ સામસામા પ્રવાર કરવા. લાગ્યા એ બંને મળાબલવાન હતા તેથી તેઓ એકબીજાના અસ્રોને અસ્રોવડે ચૂર્ણ કરતા હતા એમ પૂર્વ અને પશ્ચિમ સાગરની જેમ તેમાંથી એક પણ બળરહિત થયો નહી અને રણરૂપ યજ્ઞમાં દીક્ષિત થયેલા તે બંને બાધ્ય અને બાધકતાને કરનારા ઉત્સર્ગ તથા અપવાદ માર્ગની જેમ મંત્રાસ્ત્રોથી એક-બીજાના અસ્રને તત્કાળ બાધ કરતા સતા યુદ્ધ કરવા લાગ્યા જયારે ઐરાવણ અને ભુવનાલંકાર-એ બંને હાથી એક ડીંટમાં રહેલા બે ફળની જેમ ગાઢપણે મળી ગયા ત્યારે છળને જાણનાર રાવણ પોતાના હાથી ઉપરથી ઉછળીને ઐરાવણ ઉપર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કુદી પડયો અને તેના મહાવનને મારી નાખીને મોટા હાથીની જેમ ઇંદ્રને બાંધી લીધો. પછી મધપુડાને ભમરીઓની જેમ રાક્ષસવીરોએ હર્ષથી ઉગ્ર કોળાહળ કરીને ચારે તરફથી ઘેરી લીધો અર્થાત્ તેની ફરતા ફરી વળ્યા. જ્યારે રાવણે ઇંદ્રને પકડી લીધો ત્યારે તેનું સર્વ સૈન્ય ઉપદ્રવિત થઇ ગયું,

કારણ કે-"સ્વામી જીતાતાં સૈન્ય જીતાય છે" પછી રાવણ ઐરાવણ હસ્તી સહિત ઇંદ્રિને પોતાની છાવણીમાં લઇ ગયો અને પોતે વૈતાઢ્યની બંને શ્રેણીઓનો નાયક થયો. ત્યાંથી પાછો ફરીને રાવણ તત્કાળ લંકામાં ગયો અને કાષ્ઠના પાંજરામાં પોપટને નાખે તેમ ઇંદ્રને કારાગૃહમાં નાખ્યો.

આ ખબર પડતાં ઇંદ્રિનો પિતા સહસ્રાર દિક્પાળ સહિત લંકામાં આવ્યો અને રાવણને નમસ્કાર કરી એક પાળાની જેમ અંજલી જોડીને બોલ્યો કે- "જેણે એક પાષાણના ખંડની જેમ કૈલાસ પર્વતને ધારણ કર્યો હતો એવા તમારી જેવા પરાક્રમી વીરથી જીતાતાં અમને જરા પણ લજ્જા આવતી નથી, તેમજ તમારા જેવા વીરની પાસે યાચના કરવાથી પણ અમને બિલકુલ શરમાવું પડે તેમ નથી. માટે હું યાચના કરું છું કે મારા પુત્ર ઇંદ્રને છોડી દો અને મને પુત્રરૂપ ભિક્ષા આપો." રાવણ બોલ્યો કે—"જો એ ઇન્દ્ર તેના દિક્પાલ અને પરિવાર સહિત નિરંતર પ્રમાણેનું કામ કરવુ કબૂલ કરે તો હું તેને છોડું. સાંભળો:—

મારી આ લંકાપુરીને ક્ષણે ક્ષણે વાસગૃહની ભૂમિની જેમ તૃણ. કાષ્ઠ વિગેરે કચરાથી રહિત કરે; નિત્ય પ્રાતઃકાળે મેઘની જેમ આ નગરીને દિવ્ય સુગંધી જળવડે સિંચન કરે અને સર્વ દેવાલયોમાં માળીને જેમ પુષ્પોને ચૂંટી અને ગુંથીને તેની માળાઓ પૂરી પાડે. આ પ્રમાણે નિત્યકામ કરતો સતો આ તમારો પુત્ર ફરીથી રાજ્યનું ગ્રહણ કરો અને મારા પ્રસાદથી આનંદ પામો." પછી 'તે પ્રમાણે મારો પુત્ર કરશે' એવું જ્યારે સહસ્રારે કબુલ કર્યું ત્યારે રાવણે પોતાના બંધુની જેમ સત્કાર કરી ઇન્દ્ર છોડી મૂક્યો. પછી ઇન્દ્ર રથનૂપુરમાં આવીને મોટા ઉદ્વેગથી રહેવા લાગ્યો કેમકે તેજસ્વી પુરુષોને નિસ્તેજ થવું તે મૃત્યુથી પણ દુઃસહ છે.

એવામાં નિર્વાણસંગમ નામે એક જ્ઞાની મુનિ ત્યાં સમવસર્યા. તે સાંભળી ઇન્દ્ર તેમને વાંદવા આવ્યો, ઇન્દ્રે પૂછ્યું કે-"હે ભગવન્! કયા કર્મથી આ રાવણના તિરસ્કારને હું પ્રાપ્ત થયો તે કહો"! મુનિ બોલ્યા-"અરિંજય નામના નગરમાં પૂર્વે જવલનસિંહ નામે વિદ્યાધરોનો એક રાજા હતો. તેને વેગવતી નામે પ્રિયા હતી, તેઓને એક અહિલ્યા નામે રૂપવતી દુહિતા થઇ. (ક્રમશઃ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉપદેશક કથાસંગ્રહ (૧) ધર્મદત્ત અને સુરૂપાની કથા

## [ કુમિત્ર અને સ્ત્રીચરિત્ર વિષે ]

જેમ જડને બોધિનો લાભ ન થાય તેમ ધર્મદત્તની મહેનત સર્વ વ્યર્થ ગઇ. ફળ તો દૂર રહ્યું, પણ જ્યારે અંકુરા પણ ન પ્રગટ થયા ત્યારે રાજાની આગળ તે ધીઠ ગંગદત્ત ડચાકા ફોડતો બોલ્યો-"વાહ! શું આશ્ચર્ય! શું સત્ય પ્રતિજ્ઞા! અહો! શું કળાનું કૌશલ્ય! શી ભાઇની વિવેકીતા! હે પ્રજાપાલ રાજા! હવે આ શ્રેષ્ઠીપુત્ર પાસેથી સરત પ્રમાણે મારે લેવા યોગ્ય હોય તે તમે અપાવો; કારણ કે અમારા બન્નેના સાક્ષી આપ પોતે જ છો."

ગંગદત્તનાં આવાં વચન સાંભળીને રાજા બોલ્યો. "ધર્મદત્ત! તમારા બન્નેની સરતમાં મધ્યાહ્ન સમય થયો. છતાં તમારી સરત પૂર્ણ થઈ નહિ ને તમે હારી ગયા છો; તો તમારી સરતનું હવે પાલન કરો. કદાચ સ્વતઃ એ પોતાની મેળે આપેલું લઇને સંતોષ પામશે, તો ઔષધ વિના વ્યાધિનો નાશ થઈ જશે."

રાજાનું વચન સાંભળીને શ્રેષ્ઠીપુત્ર બોલ્યો-"આપનો આદેશ મારે પ્રમાણ છે." પછી ગંગદત્ત તેના ઘર તરફ ચાલ્યો શ્રેષ્ઠીસુત મનમાં મૂંઝાયેલ હોવાથી વરરુચિનું વચન યાદ કરતો તેના ઘર તરફ ગયો ને યવની વાર્તા જેવી હતી તેવી તેને કહી સંભળાવી ને આંખમાંથી મોટાં મોટાં અશ્રુ પાડતો દુઃખી થયો.

તેની અથથી ઇતિ પર્યંત વાત સાંભળીને વરરુચિ બોલ્યોઃ "વત્સ! સો વર્ષ વહી જાય તો પણ સર્વજ્ઞનાં વચનની માફક મારા યવ ઉગ્યા વગર રહે નહિ; પણ મને નિશ્ચય ખાત્રી કે તારી સ્ત્રીએ યવ બદલાવી નાખ્યા તે તારી સ્ત્રી દુષ્ટ ગંગદત્તમાં ખચિત અનુરાગિણી જણાય છે. મારી કહેલી મિતાક્ષરી વાર્તાદ્વય તું કેમ સાંભળતો નથી? તે બન્ને આજે તારે આડે આવી જો મેં કહ્યું હતું કે-'સ્ત્રીનો વિશ્વાસ અને નીચ સસર્ગ ન કરવો. સજ્જન પુરુષોને નહિ માનવા યોગ્ય એવો નીચ ગંગદત્ત, તને તેં તારો સુહૃદ્ બનાવ્યો અને તને કૃત્રિમ પ્રેમ બતાવતી તારી સુરૂપા પ્રિયાનો તેં વિશ્વાસ કર્યો તો આજે તારી વૈરિણી થઈ. મારા એ શિક્ષારૂપ ઉત્તમ મંત્રને તું ભુલી ગયો, જેથી એ બન્ને પિશાચોએ હાલમાં તને ઠગ્યો છે.

વરરુચિનાં એ પ્રમાણેના વચન સાંભળીને ધર્મદત્ત બોલ્યો-મિત્ર! તમે કહ્યું તે ખરૂં હશે, પણ મારી સ્ત્રી તો ગંગાજળ સમાન ઉજ્જળ છે. શીલે કરીને શોભતી એવી સ્ત્રીને અન્યાય આપવો એ શું તમને યોગ્ય છે?" (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મોતીની માળા

લે:- રતિલાલ માણેકચંદ શાહ-નડીયાદ

(૧) જેમને પોતાને જન્મ મરણથી છૂટવું હોય તેમણે બીજાને જન્મ આપવો જોઈએ નહિ.

(૨) જીવન એ નિશાળ છે, ફરજ એ શિક્ષક છે અને શિક્ષણ ચારિત્રમાં ઉતારવાથી ખરૂં બળ પ્રગટે છે.

(૩) અવિદ્યા પાંચ પ્રકારની છે; (૧) અનિત્યમાં નિત્ય બુદ્ધિ (૨) અશુચિમાં શુદ્ધિ બુદ્ધિ, (૩) દુઃખમાં સુખ બુદ્ધિ, (૪) અનાત્મમાં આત્મબુદ્ધિ, (૫) અસનમા સમ્ બુદ્ધિ એ પાંચ પ્રકારની અવિદ્યા આત્મજ્ઞાનથી લુપ્ત થાય છે. અથવા જેટલા પ્રમાણમાં અવિદ્યા વિલીન થાય છે, તેટલા પ્રમાણમાં આત્મજ્ઞાન પ્રાદુર્ભૂત થાય છે. એ બન્નેને પરસ્પર સંબંધ છે, જે જ્ઞાનથી આત્મા મલે અને બીજુ કાંઈ ન મલે તે વાસ્તવિક જ્ઞાન છે.

(૪) તમારી શાંતિ તમારી પાસે જ છે; માટે જ્યાં તે છે ત્યાંથીજ તે મેળવવી જોઈએ તેને બીજો કોઈ આપી શકે નહિ.

(૫) જ્યારે પ્રારબ્ધ ભોક્તુ પ્રધાન રહે છે. ત્યારે તેમાં સત્યથી ત્વની બુદ્ધિ થતી નથી, અને જ્યારે ભોક્તા પ્રધાન થાય છે ત્યારે તેમાં સત્યતત્ત્વની બુદ્ધિ થાય છે,

(૬) ગુરૂ અને અને શિષ્યનો સંબંધ એ ઘણોજ પવિત્ર સબંધ છે ગુરૂ શિષ્યને જ્ઞાન આપી જન્મ મરણ રૂપી દુઃખોની આત્યંતિક નિવૃત્તિ કરવાનો રાહ દેખાડે છે, તેથી ગુરૂનો ઉપકાર સૌથી પ્રથમ દરજ્જે આવે છે.

"ગુરુ ગોવિંદ દોનો ખડે, કીસકું લાગુ પાય,
બલિહારી ગુરુ દેવકી, જીસને ગોવિંદ લીઓ બતાય"

(૭) ઘણા લોકો એમ માને છે કે, જીવે પાપ કરેલા હોવાથી દુઃખમાં આવી પડયો છે. જ્ઞાનીઓ માને છે કે, જીવ પોતાના સ્વરૂપે આનંદમય છે પણ તે પોતાનું સ્વરૂપ ભૂલી ગયો હોવાથી દુઃખી થાય છે. દુઃખ અને અજ્ઞાન એ આત્માનો સ્વભાવ નથી જો તે આત્માનો સ્વભાવ હોય તો તે દૂર થાય નહિ પણ તે દૂર થઈ શકે છે, તેથી દુઃખ અજ્ઞાન ભુલથી ઉત્પન્ન થાય છે. વેદમાં કહ્યું છે કે 'તે તું છો' એટલે તું જ ઈશ્વર છે, તે તું છો એ વેદના ત્રણ શબ્દોમાં આ જગતની બધી વિદ્યા સમાઇ ગઈ છે.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જ્ઞાની-પાપી

卐 દીવો હાથમાં હોય છતાં જે કુવામાં પડે તેને માટે આપ શું કહેશો ?

卐 આ પ્રકાર તેવોજ છે આ પ્રકારના જ્ઞાની પાસે પુષ્કળ જ્ઞાન હોય છે. દુનિયાને સુંદર રીતે સમજાવી શકતા હોય છે છતાં પોતે તેમાંનુ કાંઇ આચરણમાં મૂકાતા હોતા નથી ઢોલ જેટલો મોટો દેખાય તેટલી જ તેની અંદર મોટી પોલ હોય છે આવીજ સ્થીતી આવા જ્ઞાની પાપીની હોય છે તેઓ વાતો મોટી મોટી કરે છે પણ આચરણમાં એવડું જ મોટું મીંડું હોય છે

卐 અજ્ઞાની લોકો અજ્ઞાનને કારણે અંધરાને લઇને કુવામાં પડે તો સમજી શકાય તેવું છે. પરંતુ જ્ઞાની પાપીઓ તો હાથમાં જ્ઞાનની મસાલ હોવા છતાં પતનની ખાઇમાં પડે છે સામાન્ય લોકો અને આ પ્રકારના જ્ઞાનમાં તફાવત એટલો છે કે જ્ઞાની છતી આંખે આંધળા બને છે જ્યારે અજ્ઞાની લોકો આંખના આંધળા હોય છે.

卐 જે જ્ઞાન વડે તેમણે પાપથી બચવું જોઇએ તે જ્ઞાન વડે તે પાપ ચરણ કરતો હોય છે કોઇ પ્રશ્ન કરશે કે જે જ્ઞાની હોય તે પાપચરણ કરે ખરો.

卐 આ પ્રશ્નનો જવાબ એ છે કે ! જ્ઞાન એ ધારી તલવાર જેવુ છે તેનો સદુપયોગ થાય તો જીવન મરણમાં બંધનો તોડી નાખે છે જો દુરૂપયોગ થાય તો તે પોતાનું માથુ પોતાના હાથેજ કાપે. જ્ઞાની ભકતો પોતાના જ્ઞાનનો ઉપયોગ ત્રિવિધ તાપમાંથી મુક્તિ મેળવવા માટે કરે છે કેટલાંક જ્ઞાનીઓ પોતાના જ્ઞાન વડે બીજાને આકર્ષે છે અને પછી આકર્ષિત થયેલ વ્યકિતઓને ફોસલાવીને કે એક યા બીજી રીતે સમજાવીને તેમનો ગેર લાભ ઉઠાવે છે. ધર્મના નામે જે પાપ લીલાં ચાલે છે કે ધર્મના નામે ઠગવિધી ચાલે છે તે આ પ્રકારના જ્ઞાની પાપીઓ જ ચલાવતા હોય છે.

લી. અશોકચંદ્રસૂરી. મ૦ (ડહેલાવાળા)
ગોડીજી ઉપાશ્રય, મુંબઈ
તા. ૧-૩-૭૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સર્વોદયની ચાવી—

**લે. પં. ધર્મ વિજયજી મ૦ના શિષ્ય આ. અશોકચંદ્રસૂરી. મ૦ (ડહેલાવાળા)**

તેનો અડસટ્ટો કાઢવામાં આવે તો ખ્યાલ આવે છે કે, કે આ ખર્ચનો સરેરાશ બોજો દરેક માનવી પર તેની સહન કરવાની બહારનો છે?

આ વાત થઈ સરકાર તરફથી ચલાવાઇ રહેલ ખર્ચાઓની આ ઉપરાંત આજે સમાજમાં ભલાઈ ખાનાર વર્ગ વધી રહેલ છે તેનો બોજો પણ સમાજ ઉપર કાંઈ જેવો તેવો નથી? છાશમાંથી માખણ અને દુધમાંથી મલાઇ તારવી લેવામાં આવે તો છાશ અને દુધમાં શું કસ રહે? તેવી જ રીતે આ વર્ગ આર્થીક ક્ષેત્રે મલાઇ અને માખણ તારવી લે છે. પાછળ જન સમૂહ માટે માખણ વિના છાશ અને મલાઇ તારવી લીધેલ દુધ વધે છે. કહેવાનું તાત્પર્યએ છે કે મલાઇ ખાનાર વર્ગની સંખ્યા વધી જવાના કારણે આમ આમ જનતાને વિશેષ હાડમારી ભોગવવી પડે છે.

કારખાનામાં એક માલ તેયાર થયો. તે વાપરનારના હાથમાં આવે ત્યાં સુધીમાં તો તેમાં અનેક જણના નફા ચડે છે. મોટો વેપારી, નાનો વેપારી, છુટક વેપારી, દલાલ વિગેરેના નફા તેમાં ચડે. માલની અછત હોય ત્યારે વેપારીઓ કાળા બજાર ઉભા કરે છે. અને મૂલ ભાવમાં બેહદ વધારો કરી મૂકે છે કોઈ કોઇ સમયે તો માલની અછત ખોટી રીતે ઉભી કરવામાં આવે છે. અને ભાવમાં વધ રો કરી દેવામાં આવે છે. કાપડ, કરીયાણું વગેરે ચીજોમાં આજે આ રીતે બને છે હવે તો એક એક ચીજનો સટ્ટો થવા લાગ્યો છે અને સટ્ટામાં તો ભાવનું કોઈ ઠેકાણુ રહેતું નથી

આ વર્ગ ઉત્પાદન કાર્યમાં કશું રચનાત્મક કાર્ય કરતો નથી. આમ છતાં તે વર્ગ વધુ નફો મેળવે છે અને વિશેષ સમૃદ્ધિમાન જોવામાં આવે છે. કશું રચનાત્મક કાર્ય ન કરનાર આ વર્ગનો સમાજ પર બોજો કાંઈ જેવો તેવો નથી?

સમાજ કે દેશની દરેક વ્યકિતને આજે વિશેષ કલાક કામ કરવું પડે છે છતાં સમાજનો મોટો ભાગ આજે પોતાની નરી જરૂરીયાત પણ મેળવી શકતો નથી તેના કારણો મેં ઉપર દર્શાવ્યા છે તે મુખ્ય છે. આ માટે જવાબદાર છે આજની ખામી ભરેલી આર્થિક વ્યવસ્થા, સામાજીક વ્યવસ્થા અને રાજકીય વ્યવસ્થા; વ્યકિતગત જીવન સરલ રીતે ચાલે સામાજીક કે વેપારી વ્યવહારમાં અવ્યવસ્થા ઉદ્ભવે નહિ? રાજકીય સંચાલન બોજારૂપ ન બને, તે માટે આપણા શાસ્ત્રકારોએ "પાંચ મહાવ્રતો" દર્શાવ્યા આ વ્રતોનું શકય પ્રમાણમાં પાલન કરવામાં આવે (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અહિંસા કે અણુબોમ્બ ?

પં. ધર્મવિ૦ મ૦ના શિષ્ય આ૦ દેવશ્રી અશોકચંદ્ર સૂરિશ્વરજી મ૦ સાહેબ-ડહેલાવાળા

એન્સાઈકલો પીડિયા ઓફ બ્રિટાનિકાની પહેલી બહાર પડી ત્યારે તેમાં પ્રેમશબ્દ માટે ત્રણ પાના ભરેલાં હતા અને અણુશબ્દ માટે માત્ર ત્રણ જ લીટીઓ જ લખેલી હતી થોડા સમય પહેલા આ પુસ્તકની આવૃત્તિ બહાર પડી છે. તેમાં અણુ શબ્દ અંગે પાનાના પાનાઓ રોકવામાં આવેલ છે, જ્યારે પ્રેમ શબ્દ જ જોવામાં આવતો નથી!! આ બે આવૃત્તિમાં જેટલો તફાવત છે; તેટલો તફાવત આજની દુનિયામાં પડેલો જોવામાં આવે છે છેલી આજે દુનિયા પ્રેમ અને અહિંસા પ્રતિ જઇ રહી છે, કે અણુબોમ્બ પ્રતિ જઈ રહેલ છે ? આ પ્રશ્નનો જવાબ આપણને આ પરથી મળે છે,

આજે માનવ માનવ વચ્ચે પ્રેમ જોવામાં આવતો નથી, દુનિયા હિંસા તરફ અને અણુબોમ્બ બનાવવા તરફ વિશેષ ઢળતી જાય છે.

આજે લોકોમાંથી પ્રેમ ઘટતો જાય છે અને તેને સ્થાને હિંસા મય વાતાવરણ વધતુ જાય છે, દરેક ઘરમાં જુઓ કુટુંબમાં જુઓ સમાજમાં જુઓ શ્રી સંઘમાં જુઓ, રાષ્ટ્ર તરફ નજર કરો તમોને લાગશે કે માનવ માનવ વચ્ચેનું પ્રેમભર્યું વાતાવરણ, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચેનો પ્રેમભર્યો વર્તાવ કયાંય જોવામાં આવતો નથી.

પિતા અને પુત્ર વચ્ચે આજે ઘર્ષણ થતુ જોવામાં આવે છે, સાસુ અને વહુને કયાંય મેળ ખાતો નથી. શેઠ અને નોકર વચ્ચેનો મીઠો સંબંધ ઓછો થતો જાય છે. અને તેને સ્થાને 'હક્ક અને અધિકારો'ની વાતો સંભળાય છે મિલમાલિક અને મજુરો વચ્ચે પણ પ્રેમની સાંકળ નથી, દેશ દેશ વચ્ચે પણ ઘર્ષણ ચાલી રહ્યું છે, કયાંક સૂક્ષ્મ યુદ્ધ, તો કયાંય મોટા પાયા પર યુદ્ધ ચાલતુ જોવામાં આવે છે, જ્ય પ્રેમ નથી ત્યાં શાન્તિ અને સુખ પણ નથી અને પરિણામે સૌ કોઇ આજે એક યા બીજા પ્રકારના અસંતોષ અશાંતિ અને કલેશમય વાતાવરણમાં ડુબેલા જોવામાં આવે છે.

આ પરિસ્થિતિમાં સુધારો કરવા માટે સામ્યવાદ સમાજવાદ કે અન્યવાદ બહાર આવે છે, પરંતુ તે વાદો પ્રેમના પાયા પર રચાયેલાં નથી તેથી અમુક પ્રમાણમાં સ્વાર્થ સાધી શકાય છે, એ ખરૂં પરંતુ શાન્તિ અને આબાદીનું વાતાવરણ સર્જાતુ નથી. દેશ દેશ વચ્ચે જે ઘર્ષણ ચાલી રહે છે, તે દુર કરવા માટે શસ્ત્રસામગ્રી સૌ દેશ વધારી છે, પ્રેમ અને હિંસા વડે નહિ, પરંતુ પોતાની શસ્ત્ર શામગ્રીના બળે સૌ કોઈ શાન્તિનું વાતાવરણ સર્જવા પ્રયત્ન કરે છે, પરિણામ સ્વરૂપે આજે હિંસા ઓછી થવાને (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स

અહિંસા; અપરિગ્રહ અને અનેકાન્તવાદના
મહાન ધર્મપ્રવર્તક

# શ્રમણ ભગવાન મહાવીર

લે:- શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ

## જીવમાંથી શિવ થવાની શકયતા

જૈન દર્શનનો એ સિદ્ધાન્ત છે કે-કોઇ પણ જીવાત્મા જો તેનામાં યોગ્યતા હોય અને અનુકૂળ સંજોગો મલ્યા બાદ પુરુષાર્થ કરે તો જરૂર પરમાત્મા-ભગવાન-પ્રભુ કિંવા ઇશ્વર બની શકે છે. 'પ્રભુ તે અનાદિથી પ્રભુ, તે સિવાય બીજો કોઈ જીવાત્મા પ્રભુ ન જ થઈ શકે' એ જૈન દર્શનની માન્યતા નથી. શ્રમણ ભગવાન મહાવીર, મહાવીરનાં જન્મમાં ભલે પ્રભુ અથવા પરમાત્મા થયા, પરંતુ મહાવીરના જન્મ પહેલાના જન્મોમાં તો ભગવાન પણ આપણી જેમ જીવાત્મા હતા. કર્મ-માયા કિંવા પ્રકૃતિના બંધનો એ ભગવંતના આત્માને પણ મહાવીર થવા પહેલાં અવશ્ય હતાં. પરંતુ એક સુભગપળે નયસારના જીવનમાં સાધુ-સંતનો સમાગમ થતાં એ પ્રભુના આત્મમંદિરમાં પ્રકાશનું કિરણ પ્રગટ થયું. એ પ્રકાશના કિરણે **'તું પામર નથી પણ પ્રભુ છો રસ્તે રખડતો ભિખારી નથી પણ અનંતનો સ્વામી છો, અજર-અમર છો અને નિરંજન નિરાકાર જ્ઞાન જ્યોતિ સ્વરૂપ છો.'** આ આત્મસ્વરૂપનું દર્શન કરાવ્યું. અનંતકાળથી ચાલ્યા આવતા ઘોર અંધકારમાં સાધુસંતના સમાગમ દ્વારા પ્રગટ થયેલા આ પ્રકાશના કિરણથી પ્રભુના આત્માને ભગવાન મહાવીર થવાના મંગલાચરણ શરૂ થયા. ત્યારથી ગ્રામમુખી નયસારના જીવનમાં અજબ ગજબનું પરિવર્તન પ્રારંભાયું.

## —ભગવાન મહાવીરના પૂર્વભવો—
## નયસારના ભવમાં મહાવીર થવાના મંગલાચરણ

**નયસાર** તે સમયે એક ગામનો મુખી હતો. સદાચાર-સંસ્કાર અને સંત સાધુનો સહવાસ એ એના પ્રિય વિષયો હતા. અતિથિ અભ્યાગત અને સંત-સાધુના સ્વાગત નયસારના મંગળ દ્વારા હરહંમેશ ચાલુ રહેતા. એક પ્રસંગે લાકડા લેવા પોતાના સાથીઓ સાથે નયસાર વ્હેલી સવારથી અટવી પ્રદેશમા પહોંચ્યા મધ્યાન્હનો સમય થયો. શ્રમના કારણે સર્વ કોઇને ખૂબ ક્ષુધા લાગેલી હોવાથી ભોજનની તૈયારીઓ થઇ.



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ભગવાન મહાવીરના અંતિમ્ દેશનામાંથી–

( પચીસોમાં ભગવાન મહાવીર મહોત્વ નિમિત્તે )

લે:- રતિલાલ માણેકચંદ શાહ-નડીયાદ

બધા આત્માઓને સુખ પ્રિય છે, દુઃખ અપ્રિય છે, પોતાનો આત્મા બધાને વ્હાલો છે એવું જાણી ભય અને વેરથી નિવૃત થવા કોઇની હિંસા કરે નહિ.

---

પરિગ્રહને નરકનું કારણ જાણીને તૃણમાત્ર પણ રાખે નહિ ક્ષુધા લાગ્યા પછી આત્માની જુગુપ્સા કરતા પોતાના પાત્રમાં ગૃહસ્થનો આપેલો આહાર ભિક્ષા ગ્રહણ કરે છે.

---

આ જગતમાં કેટલા લોક માને છે કે પાપનો ત્યાગ કર્યા વિના આર્યત્વને જાણીને આત્મા બધા દુઃખમાંથી છૂટી જાય છે.

---

બંધ અને મોક્ષને માનવાવાળા આવાદી સંયમનું આચરણ કરતા નથી; કેવળ વચનોથીજ આત્માને આશ્વાસન આપે છે.

---

અનેક ભાષાઓ અથવા જ્ઞાન આત્માને શરણભૂત નથી થતાં મંત્રાદિ વિદ્યા પણ કોઈને બચાવી શકતી નથી, પાપકર્મોમાં ફસેલા અને પોતાને પંડિત માનનારા એ લોક અજ્ઞાની છે.

---

કેટલાક અજ્ઞાની શરીર વર્ણ અને રૂપમાં મન વચન કાયાથી આસક્તા છે, એ બધા લોકો દુઃખ ભોગવે છે.

---

અજ્ઞાની જીવ આ અનંત સંસારમાં, અનંત જન્મ મરણ કરે છે એટલા માટે બધી દિશાઓને જોતો (ઉપયોગ વરતો) અપ્રમત થઇને વિચરે છે.

---

સંસારથી બહાર અને બધાથી ઉપર મોક્ષનોજ ધ્યેય બનાવીને વિષયાદિની ઇચ્છા કરે નહિ અને કેવળ પૂર્વ કર્મોનો ક્ષય કરવાને માટે જ આ શરીરને ધારણ કરે.

---

મિથ્યાત્વ, અવ્રત, કષાય, પ્રમાદ, યોગ અને કર્મના હેતુઓને દુર કરીને સંયમ અને તપના સુઅવસરની ઇચ્છા રાખનો વિચરે ગૃહસ્થોએ પોતાના માટે બનાવેલ ભોજનમાંથી આહાર-પાણી લઈને ખાય. (ક્રમશઃ)



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ચૌમાસી વ્યાખ્યાન

કાર્તિક ચતુર્માસે જિહા વ્યાખ્યાન ઉત્તમ મેઘના.
ઉપદેશ જલથી ચિત્તરૂપ તળાવ પૂરણ શ્રાદ્ધના !
કીર્તી નદી સુપ્રવાહ વ્હે પાપ રજ દૂર થાય છે,
બાલ શ્રાવક દેડકા ને મોર શબ્દ જણાય છે.
શ્રાવકતણા બાલક કરે અભ્યાસ તે શબ્દો અહીં,
સુકૃત્ય રૂપી ધાન્ય ફલ દેનાર નીવડો તે અહી !
કાર્તિકી ચોમાસાને દાનાદિથી આરાધીએ સમતા ક્ષમાદિક
ગુણ ધરીને મુક્તિના સુખ પામીએ.
જે કાર્તિક ચોમાસાને વિષે વ્યાખ્યાન રૂપ મેઘના
ઉપદેશ રૂપ જલ વડે સુશ્રાવકનું મનરૂપી
સરોવર ભરાઈ જાય છે.
વળી જેમાં બાળશ્રાવકો રૂપી દેડકા અને મોરના પડ ન નથી
સ્વાધ્યાયનો કોલાહલ થઇ રહ્યો છે કાર્તિક ચોમાસુ તમારા
સુકૃત્ય રૂપી ધાન્યના ફલને માટે થાઓ

જેમ ચોમાસામાં વરસાદ આવવાથી સરોવર પાણીથી ભરાઈ જાય છે તેવી રીતે કાર્તિક ચોમાસાની વિષે ગુરૂજીના વ્યાખ્યાન રૂપ મેઘ જાણવો અને તેમાં ઉપદેશ રૂપી જલ જાણવું તે જલ વડે કરીને સુશ્રાવકના મન રૂપી સરોવર ભરાય છે. અથવા તો ઉપદેશ રૂપી વાણીથી સુશ્રાવકોના મન પ્રફુલ્લિત થાય છે જેમ વર્ષા ઋતુમા નદીનો પ્રવાહ ચાલે છે તેમ આ વ્યાખ્યાન રૂપી મેઘથી કીર્તિરૂપી નદીનો પ્રવાહ ચાલે છે. જેમ ચોમાસના પાણીના પ્રવાહથી ધૂળ વિગેરે તણાઈ જાય છે તેમ અહીં વ્યાખ્યાન રૂપી મેઘ વરસાદથી પાપરૂપી રજનો નાશ થાય છે જેમ ચોમાસામાં દેડકાના તથા મોરના શબ્દ સંભળાય છે તેમ અહીં બાલ શ્રાવકો રૂપી દેડકા તથા મોરના પડ ન એટલે ગોખવું તથા સ્વાધ્યાય એટલે ભણેલુ સંભારી જવું તેમ રૂપી કોલાહલ સંભળાય છે. તથા ચોમાસામાં અંતે ધાન્ય પાકે છે તેમ હે ભવ્ય જીવો આ કાર્તિક ચોમાસુ તમને સુકૃત્ય રૂપી અનાજને આપનારૂ નીવડો આષાડ ચોમાસાની શરૂઆતથી માંડીને ભવ્ય જીવોએ ગુરૂ મહારાજ પાસે જે જે લાભ મેળવ્યા તે સંપૂર્ણ લાભની બીના જણાવી છે. તે વ્યાજબી છે. (ક્રમશઃ)

લે:- મુની ચરણવિજયજી,
C/o સુતરીયા કસ્તુરભાઈ, જૈન ઉપાશ્રય.
લુણસાવાડા, મોટી પોળ, દરીયાપુર-અમદાવાદ



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

( ગયા અંકથી ચાલુ )

## વિશ્વમાન્ય ધર્મ

( દોહરા )

આ પણ પરિક્ષક કોઇના
કોઇ પરીક્ષક આપ
એવી ઘટમાળ વિશ્વની
કિર્તિ અકિર્તી સ્થાય ૧૯૧

પરનિંદાની કુટેવમાં
સ્વનિંદા થઈ જાય
નહિ નિંદા સાગરની કરે
સાગર નીંદા થાય ૧૯૨

પર સ્તુતિ સદગુણમાં
સ્વ સ્તુતી થઇ જાય
ભગવાન ભજે જન ભાવથી
ભગત જગ પૂજાય ૧૯૩

મનુષ્ય કીર્તી શું કામની
અપ કીર્તી કુપથ્ય
સ્વ કીર્તી પરમાત્માની
આપે લાભ સમર્થ ૧૯૪

નીંદા સ્તુતી સૌ કરે
સહે વહે ન કોય
મુંગા સમ બહેરા રહે
એ વિરલા જગ જોય ૧૯૫

મારૂ મારૂ મન કરે
તારૂ તારૂ તન
જ્ઞાની અજ્ઞાની સૌ કરે
પ્રીતેથીજ જતન ૧૯૬

રચયીતા : શાહ ચતુર્ભુજ હરજીવનદાસ (ક્રમશઃ)

## પરીવર્તન

ઉત્પન થાય છે. સ્થીર રહે છે અને નાશ થાય છે ધર્મના આ ત્રણ મુળભુત સીદ્ધાંતો છે આપણે સીદ્ધાંતોમાંથી જ તત્વ મેળવવાનું છે આ પરીવર્તન ક્રીયામાંથી પૂર્વના. મહાપૂરુષો પરમ તત્ત્વ મેળવીને મોક્ષને પામ્યા છે.

—બળવંત



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

No Reg. B.V.-37

# નૂતન વર્ષાભિનંદન

આ જૈન પ્રકાશ વાંચી હિત બોલો શું કર્યું
ને પાપથી નિર્મુક્ત થઈ ને પુન્ય બોલો શું કર્યું
સંસારની ઉપાધિઓ ઓછી કરી કે ના કરી
આ પુષ્પમાળા નવીન વર્ષે લ્યો તમે કંઠે ધરી....૧

કરી ક્રોધ મનથી ત્યાગને સમતા ધરી કે ના ધરી
ને માનતો કરી ત્યાગ ને નિમનિતા શું આદરી
માયા કરીને ત્યાગ શું શું શરળતા હૃદયે ધરી ?
આ નવીન વર્ષે લોભ નો, કરી ત્યાગ લ્યો મુક્તિવરી...૨

પ્રશ્નોત્તરો વાંચી અને જ્ઞાની બન્યા કે ના બન્યા
મૌક્તિકના લેખો વડે વ્યવહાર કુશળ શું બન્યા
ને અન્ય લેખોથી કહો શું ત્યાગની સૌરભ ભરી ?
આ નવીન વર્ષે આ બધા વિચાર લો હૃદયે ધરી....૩

શ્રી વીર પ્રભુના માર્ગમાં શા શા કહો પગલાં ભર્યા
ને લોક હિતના કામ અદ્યાપિ કહો શા શા કર્યાં ?
વાંચી પ્રકાશ અને હૃદયમા શું પ્રકાશ તમે કર્યો,
આ નવીન વર્ષે શ્યામ જીવનમાં ખરી શાંતિ વરો....૪

**સ્વ. માસ્તર શામજી હેમચંદ દેશાઇ**

પ્રકાશક : જયંતિલાલ મગનલાલ શાહ, શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.
મુદ્રક : ફતેચંદ ખોડીદાસ ગાંધી, શ્રી અરૂણોદય પ્રિન્ટીંગ પ્રેસ-ભાવનગર. ☎ ૪૬૪૦

For Private And Personal Use Only